E DII

Vyapar

July 11 , 2026
Page No. 05

# નાબાર્ડની મોટી સફળતા : વધુ ૨૮ દેશી ઉત્પાદનોને મળ્યું જીઆઈ ટેગ



નાલંદા બાવનબુટી સાડી

મુંબઈ, તા. ૧૦ જુલાઈ

ભારતની ભવ્ય સાંસ્કૃતિક વિરાસતને સાચવવા અને ગામડાના કારીગરોની કમાણી વધારવા માટે નાબાર્ડ (નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ) દ્વારા એક મોટું અને પ્રશંસનીય કામ કરવામાં આવ્યું છે. નાબાર્ડે દેશભરના વધુ ૨૮ અનોખા પરંપરાગત ઉત્પાદનોને જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન જીઆઈ ટેગ અપાવવામાં સફળતા મેળવી છે. આ નવી સિદ્ધિ સાથે જ નાબાર્ડના સહયોગથી જીઆઈ રજીસ્ટ્રેશન મેળવનારા કુલ ઉત્પાદનોનો આંકડો હવે ૧૭૬ પર પહોંચી ગયો છે. આ નવા જીઆઈ ટેગમાં દેશભરની પરંપરાગત હસ્તકલા, હેન્ડલૂમ કાપડ, વાંસની કલા, ધાતુકામ, ચિત્રકલા અને સંગીતનાં સાધનોનો સમાવેશ થાય છે, જેમને હવે કાનૂની રક્ષણ અને ગ્લોબલ માર્કેટમાં મોટી ઓળખ મળશે.

આ વખતે જે ૨૮ નવી વસ્તુઓને જીઆઈ ટેગ મળ્યો છે, તેમાં બિહારની પ્રખ્યાત **'નાલંદા બાવનબુટી સાડી'** અને 'ગયા પથ્થરકટ્ટી સ્ટોન ક્રાફ્ટ', ઝારખંડની



'કુચાઈ સિલ્ક સાડી', આસામની વાંસ કલા અને 'બિહુ પેપા' (સંગીત વાદ્ય), 'હિમાચલ વૂડ કાર્વિંગ' (લાકડા પરની કોતરણી) અને મધ્યપ્રદેશની 'ખજુરાહો મેટલ ક્રાફ્ટ' જેવી અદ્ભુત વસ્તુઓ સામેલ છે. નાબાર્ડના ચેરમેન ડૉ. શાજી ક્રિષ્નન વી.એ જણાવ્યું કે, જીઆઈ ટેગ એ આપણી જૂની પરંપરાઓને બચાવવાનું અને ગામડાના નાના વેપારીઓની તાકાત વધારવાનું જોરદાર હથિયાર છે. નાબાર્ડ માત્ર ટેગ અપાવીને અટકવાનું નથી, પણ આ કારીગરોને નવી સ્કીલ શીખવીને, બ્રાન્ડિંગ કરીને અને ઓનલાઇન કે વિદેશી બજાર સાથે જોડીને કમાણીના કાયમી રસ્તા ખોલશે.

નાબાર્ડની આ જોરદાર ઝુંબેશને કારણે અત્યાર સુધીમાં ૧૩,૦૦૦થી વધુ કારીગરો અને પ્રોડ્યુસર્સ સીધા મોટા બજારો સાથે જોડાયા છે, જેનાથી ગામડાઓમાં અંદાજે ૫૦,૦૦૦થી વધુ લોકોને સીધી રોજગારી મળી છે. આ કામને વધુ પાકું કરવા માટે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, જમ્મુ-કાશ્મીર, કર્ણાટક અને ગુજરાતમાં ૧૪ જેટલી 'રૂરલ એન્ટરપ્રાઇઝ પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન્સ' (REPOs) રાત-દિવસ કામ કરી રહી છે.

આ આખી સિસ્ટમને મજબૂત કરવા માટે અમદાવાદની ઈડીઆઈઆઈ, બિહારની એગ્રિકલ્ચર યુનિવર્સિટી અને તમિલનાડુના મધુરાઈ ખાતે જીઆઈ



ફેસિલિટેશન સેન્ટર્સ ખોલવામાં આવ્યા છે, જે કારીગરોને કાનૂની અને માર્કેટિંગની પૂરેપૂરી મદદ કરે છે. આ ઉપરાંત કર્ણાટકના આઈહોલ ખાતે એક સ્પેશિયલ જીઆઈ સ્ટોર પણ શરૂ કરાયો છે, જેથી આ વસ્તુઓને સારા ભાવ મળી શકે અને ભારતનો આ અણમોલ વારસો દુનિયાભરમાં ગૌરવભેર પહોંચી શકે.